# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-04-2025** **Morning: 7.45 TO 7.55**
**Day :FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું - ભારત વિશ્વના કોઈપણ ખૂણામાંથી આતંકવાદીઓને શોધી કડક સજા કરશે
2) સરકારે બોલાવેલી સર્વપક્ષીય બેઠકમાં, તમામ પક્ષોએ આતંકવાદ સામેની લડાઈ અને કાર્યવાહીમાં સરકારને સંપૂર્ણ સમર્થન આપવાની ખાતરી આપી.
3) પાકિસ્તાને ભારતીય વિમાનો માટે તેનું હવાઈ ક્ષેત્ર બંધ કરવાની જાહેરાત કરી
4) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પોપ ફ્રાન્સિસના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે આજે વેટિકન સિટીની બે દિવસની મુલાકાતે રવાના થશે.
5) IPL T20 ક્રિકેટમાં, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે રાજસ્થાન રોયલ્સને 11 રને હરાવ્યું

***************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# MORN. PM- BIHAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત દરેક આતંકવાદી અને તેમને ટેકો આપનારાઓને શોધી કાઢશે અને સજા આપશે. તેમણે કહ્યું કે આતંકવાદને બક્ષવામાં આવશે નહીં અને ભારત વિશ્વના કોઈપણ ખૂણામાંથી ગુનેગારોને શોધી કાઢશે. પ્રધાનમંત્રીએ ગઈકાલે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે મધુબની જિલ્લામાં એક જાહેર સભાને સંબોધતા કહ્યું કે ન્યાય સુનિશ્ચિત કરવા માટે દરેક શક્ય પ્રયાસ કરવામાં આવશે અને આખો દેશ આ સંકલ્પ પર અડગ છે.

(Byte -- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

પ્રધાનમંત્રી મોદીએ વધુમાં કહ્યું કે આતંકવાદથી દેશની ભાવના ક્યારેય તૂટી શકશે નહીં,આ ઘટનાથી આખો દેશ દુઃખી છે અને શોકગ્રસ્ત પરિવારોની સાથે ઉભો છે. તેમણે ઉમેર્યું કે માનવતામાં વિશ્વાસ રાખનાર દરેક વ્યક્તિ ભારતની સાથે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MORN. PAHALGAM - ALL PARTY MEETING-1

પહેલગામ આતંકવાદી હુમલા પછી, તમામ પક્ષોના નેતાઓએ પાકિસ્તાન વિરુદ્ધ સલામતી અંગેની મંત્રીમંડળની સમિતિએ લીધેલા પગલાંને સમર્થન આપ્યું છે.

ગઈકાલે સર્વપક્ષીય બેઠક દરમિયાન, તમામ નેતાઓએ આતંકવાદ સામેની લડાઈ અને સરકારની કાર્યવાહીમાં સંપૂર્ણ સહયોગની ખાતરી આપી.

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આ અંગે માહિતી આપી

**(Byte-- KIREN RIJIJU)**

તેમણે કહ્યું કે સરકારે વધુ કડક પગલાં લેવાનો ઇરાદો પણ વ્યક્ત કર્યો છે. શ્રી રિજિજુએ જણાવ્યું હતું કે નેતાઓને ઘટના અને સરકારની કાર્યવાહી વિશે માહિતી આપવામાં આવી હતી.

બેઠક બાદ લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પત્રકારોને કહ્યું કે પહેલગામ આતંકવાદી હુમલાની તમામ પક્ષોએ નિંદા કરી છે. તેમણે કહ્યું કે વિપક્ષે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં સરકારને સંપૂર્ણ સમર્થન આપ્યું છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે તમામ પક્ષોએ આતંકવાદી હુમલાની નિંદા કરી છે. તેમણે કહ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં શાંતિ જાળવવા માટે પ્રયાસો કરવા જોઈએ...1

# MORN. PAHALGAM - ALL PARTY MEETING-2

ડીએમકે સાંસદ તિરુચી શિવાએ પણ આ હુમલાની નિંદા કરી. અને કહ્યું તેમનો પક્ષ દેશમાં આતંકવાદનો અંત લાવવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા તમામ પગલાંને સમર્થન આપશે.

બીજેડી સાંસદ સસ્મિત પાત્રાએ જણાવ્યું હતું કે સરકારે આ ભયાનક હુમલાના ગુનેગારોને ન્યાય અપાવવા માટે તમામ જરૂરી પગલાં લેવા જોઈએ. તેમણે દેશની રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત તમામ પ્રયાસોમાં સરકારને તેમના પક્ષના સંપૂર્ણ સહયોગ અને સમર્થનની ખાતરી આપી

AIMIM સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે આ કોઈ રાજકીય મુદ્દો નથી અને કેન્દ્ર સરકાર જે પણ નિર્ણય લેશે તેનું તેઓ સમર્થન કરશે.

લગભગ 2 કલાક ચાલેલી આ બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર, નાણામંત્રી નિર્મલા સીતારમણ, ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડા, ઉપરાંત 15 અલગ અલગ રાજકીય પક્ષોના નેતાઓએ ભાગ લીધો હતો

અમારા સંવાદદાતાએ માહિતી આપી હતી કે બેઠકમાં પહેલગામ આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનારા નિર્દોષ લોકોની યાદમાં બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# PAK AIR SPACE CLOSURE IMPACTS

પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે, પાકિસ્તાને ભારતીય વિમાનો માટે તેનું હવાઈ ક્ષેત્ર બંધ કરવાની જાહેરાત કરી છે.

પાકિસ્તાનના આ પ્રતિબંધ પછી, ભારતીય વિમાનો પાકિસ્તાનના હવાઈ ક્ષેત્રમાંથી પસાર થઈ શકશે નહીં. સોશિયલ મીડિયા પોસ્ટમાં, એર ઇન્ડિયાએ જણાવ્યું હતું કે પાકિસ્તાનના પ્રતિબંધને કારણે, એર ઇન્ડિયા અને અન્ય એરલાઇન્સની ઉત્તર અમેરિકા, યુએઈ, યુરોપ અને મધ્ય પૂર્વની ફ્લાઇટ્સને વૈકલ્પિક લાંબા અંતરના રૂટનો ઉપયોગ કરવો પડશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PAHALGAM MASSACRE PROTESTS

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલાના વિરોધમાં દેશભરમાં નાગરિકો, વિદ્યાર્થીઓ અને રાજકીય જૂથોએ દેખાવો અને કેન્ડલ માર્ચ યોજી હતી.

અનંતનાગમાં સરકારી મહિલા કોલેજની વિદ્યાર્થિનીઓએ હુમલાની નિંદા કરતા રેલી કાઢી હતી. ચંદીગઢમાં લોકોએ ઘટનાનો વિરોધ કરતાં હાથમાં પોસ્ટર પકડીને ન્યાયની માંગણી કરી હતી. અયોધ્યામાં હુમલામાં માર્યા ગયેલા લોકોની યાદમાં કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું.

દિલ્હીમાં ખાન માર્કેટ ટ્રેડર્સ એસોસિએશનના સભ્યોએ મૃતકોની યાદમાં મીણબત્તીઓ પ્રગટાવી તો ભુવનેશ્વર અને ભોપાલમાં ભાજપના નેતાઓ અને કાર્યકરોએ રેલી-કેન્ડલ માર્ચ યોજી હતી

ગુજરાતમાં  અનેક સ્થળોએ વેપારી મંડળો અને ખાનગી સંસ્થાઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરાયા તેમજ મૃતકોને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી

દરમિયાન, દિલ્હીના ઘણા બજારો આજે બંધ રહેશે. પહેલગામ આતંકવાદી હુમલાના વિરોધમાં વેપારીઓએ બંધનું એલાન આપ્યું છે. ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ એસોસિએશને જણાવ્યું હતું કે દિલ્હીના વેપાર સંગઠનો આતંકવાદી હુમલાના વિરોધમાં આજે દિલ્હીના બજારો સંપૂર્ણપણે બંધ રાખશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BIHAR-OPPOSITION---TERROR

બિહારના વિપક્ષી પક્ષોના મહાગઠબંધને પહેલગામમાં નિર્દોષ પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલાની સખત નિંદા કરી છે.

ગઈકાલે પટનામાં રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી પ્રસાદ યાદવના નેતૃત્વમાં મળેલી સંકલન સમિતિની બેઠકમાં હુમલાની નિંદા કરતો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. આરજેડી-કોંગ્રેસના નેતૃત્વ હેઠળના મહાગઠબંધનની સમિતિની પહેલી બેઠકમાં, આગામી બિહાર વિધાનસભા ચૂંટણીને લગતા અનેક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

પહેલગામ આતંકવાદી હુમલાના પીડિતો અને શોકગ્રસ્ત પરિવારો સાથે એકતા વ્યક્ત કરવા માટે ગઠબંધન આજે કેન્ડલ માર્ચનું આયોજન કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

……………………………………………………………..

# MORN. PREZ VATICAN VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પોપ ફ્રાન્સિસના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે આજે વેટિકન સિટીની બે દિવસની મુલાકાતે જશે. રાષ્ટ્રપતિ મુર્મુ ત્યાં ભારત સરકાર અને નાગરિકો વતી શોક વ્યક્ત કરશે.

વિદેશ મંત્રાલયના નિવેદનમાં જણાવાયું છે કે રાષ્ટ્રપતિ આજે સેન્ટ પીટર્સ બેસિલિકામાં પોપ ફ્રાન્સિસને શ્રદ્ધાંજલિ આપશે. આવતીકાલે તેમના અંતિમ સંસ્કારમાં હાજરી આપશે. વિશ્વભરના અન્ય મહાનુભાવો પણ હાજર રહેશે.

પોપ ફ્રાન્સિસનું 21 એપ્રિલના રોજ નિધન થયું હતું. આવતીકાલે તેમના અંતિમ સંસ્કાર નિમિત્તે રાજકીય શોક રાખવામાં આવશે.તમામ ઇમારતો પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવશે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# COURT-TAHAWWUR PLEA

દિલ્હીની એક અદાલતે મુંબઈ હુમલાના કાવતરાખોર તહવ્વુર રાણાની અરજી ફગાવી દીધી છે.

રાણાએ પોતાના પરિવારના સભ્યો સાથે વાત કરવા માટે આ અરજી દાખલ કરી હતી. સ્પેશિયલ જજ ચંદર જીત સિંહે આ નિર્ણય આપ્યો. સુનાવણી દરમિયાન, રાષ્ટ્રીય તપાસ એજન્સી -NIA એ રાણાની અરજીનો વિરોધ કર્યો હતો અને દલીલ કરી હતી કે જો રાણાને આવી પરવાનગી આપવામાં આવે તો તે તેના પરિવારના સભ્યોને મહત્વપૂર્ણ માહિતી આપી શકે છે.

ઉલ્લેખનીય છે કે રાણા, 26 નવેમ્બર 2008ના મુંબઈ આતંકવાદી હુમલાનો મુખ્ય કાવતરાખોર છે. ૧૧ એપ્રિલે અદાલતે તેને ૧૮ દિવસની NIA કસ્ટડીમાં મોકલ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IPL

IPLમાં, ગઇકાલે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે, રાજસ્થાન રોયલ્સને 11 રને હરાવ્યું.

બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે 20 ઓવરમાં પાંચ વિકેટે 205 રન બનાવ્યા હતા. વિરાટ કોહલીએ સૌથી વધુ 70 રન બનાવ્યા જ્યારે દેવદત્ત પડિકલે 50 રન બનાવ્યા હતા.

જવાબમાં રાજસ્થાન રોયલ્સ નિર્ધારિત 20 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 194 રન જ બનાવી શકતા તેનો પરાજય થયો હતો. રાજસ્થાન તરફથી યશસ્વી જયસ્વાલે સૌથી વધુ 49 રન બનાવ્યા અને ધ્રુવ જુરેલે 47 રનનું યોગદાન આપ્યું હતું.

રોયલ ચેલેન્જર્સ તરફથી જોશ હેઝલવુડે 4 વિકેટ લીધી. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

આજે ચેન્નાઈ સુપર કિંગ્સનો મુકાબલો સનરાઇઝર્સ હૈદરાબાદ સામે થશે. આ મેચ ચેન્નાઈના એમએમ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

આજના અખબારોમાં પહલગામમાં આતંકવાદી હૂમલાઓ સંબંધિત વિવિધ ઘટનાક્રમો અંગેનાં સમાચાર હેડલાઇનમાં જોવા મળે છે.

ગુજરાત સમાચારની હેડલાઇન છે- ભારત સિંધુ નદીનું પાણી રોકશે તો યુધ્ધ છેડાશેઃ પાકિસ્તાનની શેખી, આ જ સમાચારને પ્રથમ પાને લઇને સંદેશનું શિર્ષક છે- પાકિસ્તાનની લુખ્ખી ધમકી-સિંધુ જળ સંધિ હેઠળ પાણી અટકાવવું એ યુધ્ધની સ્થિતિ બરાબર

પ્રધાનમંત્રીએ બિહારમાં જનસભા દરમિયાન પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરવા આપેલા નિવેદનને સંદેશ, નવગુજરાત સમય, ટાઇમ્સ ઓફ ઈન્ડિયા, ઇન્ડિયન એક્સપ્રેસ અને રાજસ્થાન પત્રિકાએ હેડલાઇન બનાવી છે.

સંદેશનું હેડીંગ છે- કલ્પનામાં નહીં હોય તેવી સજા મળશેઃ મોદી

દિવ્યભાસ્કરનું હેડીંગ છે-આતંકવાદનો ધડમૂળથી ખાતમો કરીશું-મોદી

સર્વપક્ષીય બેઠકમાં પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરવા તમામ પક્ષોનો સરકારને ટેકો, નવી દિલ્હીમાં બેઠકોનો ધમધમાટ- ગૃહમંત્રી અમિત શાહ રાષ્ટ્રપતિને મળ્યા, વિદેશ મંત્રી એસ જયશંકર વિદેશી રાજદૂતોને મળ્યા જેવા સમાચાર પ્રથમ પાને જોવા મળે છે.

રમતગમતના સમાચારોમાં.......ટીમ ઇન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીરને ઇમેલથી મોતની ધમકી, ઓસ્ટ્રેલિયાના ભૂતપુર્વ ક્રિકેટર કિથ સ્ટેકપોલનું અવસાન જેવા સમાચાર પ્રકાશિત થયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .